૫૬૭

**અનુસૂચિત જાતિ, સામાજિક, શૈક્ષણિક રીતે પછાત વર્ગો, આર્થિક રીતે પછાત વર્ગો, વિચરતી અને વિમુક્ત જાતિ તથા લઘુમતિ જાતિના ઇસમોને સ્વરોજગારી માટે નાણાંકીય સહાય અંગેની 'માનવ ગરિમા યોજના'ના અમલીકરણ બાબત..**

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ સશપ-૧૪૯૯-ન.બા.૯-૧૩૮૨(૦૪)-અ,
સચિવાલય, ગાંધીનગર,
તારીખઃ ૯ ઓગસ્ટ, ૨૦૦૫

<u>વંચાણે લીધા :</u>

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંકઃ સશપ-૧૪૯૯-ન.બા.૯-અ, તારીખઃ ૯-૫-૨૦૦૦
(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંકઃ એસસીડબલ્યુ-૧૦૨૦૦૦-૫૮૩-ગ, તા. ૬-૨-૨૦૦૪
(૩) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા. ૧-૧૨-૨૦૦૪ નો અર્ધ સરકારી પત્ર ક્રમાંકઃ વિજાક-જન-૦૪-૦૫-૬૦૩૬.
(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંકઃ સશપ-૧૪૯૯-ન.બા.૯-૧૩૮૨(૦૪)-અ, તારીખઃ ૨૮-૧૨-૨૦૦૪.

<u>ઠ રા વ :</u>

આમુખમાં દર્શાવેલ આ વિભાગના વિવિધ ઠરાવોથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો તથા અનુસૂચિત જાતિ વગેરે માટે 'માનવ ગરિમા યોજના' અમલમાં મૂકવામાં આવેલી છે.

આ યોજના હેઠળ હાલ રૂા. ૩,૦૦૦/- ની આર્થિક સહાય સ્થાનિક જરુરીયાતોને ધ્યાનમાં લઇને અનુરુપ ધંધા માટે સાધનો રુપે આપવામાં આવે છે.

આ યોજનાના અમલીકરણ દરમિયાન એવું જણાયું છે કે આ યોજનાનો વધારે અસરકારક અમલ થઇ શકે તે માટે આ યોજનાની તથા તેના અમલીકરણની ત્રૂટિઓ અંગે સર્વે કરીને સૂચનો મેળવવા જરુરી છે. જેથી આ યોજનાના પ્રવર્તમાન સ્વરુપમાં તથા હાલની આર્થિક સહાયમાં વધારો કરવા બાબતે વિચારણા કરી શકાય. આ હેતુસર આ યોજનાનો અભ્યાસ કરી સૂચનોનો અહેવાલ મેળવવા માટે નીચે દર્શાવેલ અધિકારીઓની એક સમિતિની રચના કરવાની બાબતે તાજેતરમાં તારીખઃ ૨૯-૭-૨૦૦૫ ના રોજ મળેલ ખાતાના વડાઓ / મેનેજીંગ ડીરેક્ટરશ્રીઓની બેઠકમાં વિચારણા કરવામાં આવી હતી, વિચારણાના અંતે નીચે મુજબની એક સમિતિની રચના કરવામાં આવે છે :-

(ક્રમશઃ)

**સ મિ તિ :**

| | | |
|---|---|---|
| (૧) | **શ્રી કે.ડી.મહીડા, મેનેજીંગ ડીરેકટરશ્રી,**<br>ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ | અધ્યક્ષ |
| (૨) | **શ્રી પી.એમ.પટેલ, નાયબ સચિવ,**<br>સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | સભ્ય |
| (૩) | **ડો. યોગેશ મૈત્રક, મેનેજીંગ ડીરેકટરશ્રી,**<br>ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ | સભ્ય-સચિવ |
| (૪) | **શ્રી સી.એમ.બલાત, મેનેજીંગ ડીરેકટરશ્રી,**<br>ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ | સભ્ય |

આ સમિતિએ અનુસૂચિત જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, આર્થિક રીતે પછાત વર્ગો, વિચરતી અને વિમુકત જાતિ તથા લઘુમતિ જાતિના ઇસમોને સ્વરોજગારી માટે નાણાંકીય સહાય અંગેની નિયામક હસ્તકની તથા વિવિધ નિગમો હસ્તકની હાલની માનવ ગરિમા યોજનાઓનો અભ્યાસ કરીને પ્રવર્તમાન યોજનાના ઢાંચા સ્વરુપ તથા સહાયની મર્યાદામાં વધારો કરવા અંગેની બાબતમાં **જરુરી સૂચનો સાથેનો અહેવાલ વિભાગના સચિવશ્રીને બે માસમાં રજૂ કરવાનો રહેશે.** સમિતિ આ હેતુસર તેમની પોતાની કાર્યરીતિ નકકી કરશે અને સમયાંતરે બેઠકો કરીને જરુરત જણાયે, સંબંધકર્તા નિયામકશ્રીઓ સાથે ચર્ચા-વિચારણા કરીને અભ્યાસ અહેવાલ રજૂ કરશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પી.એમ.પટેલ )
નાયબ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- શ્રી કે.ડી.મહીડા, મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર.
- શ્રી પી.એમ.પટેલ, નાયબ સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ડો. યોગેશ મૈત્રક, મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર
- શ્રી સી.એમ.બલાત, મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ગાંધીનગર.

**નકલ રવાના :**

- સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
- વિભાગ હસ્તકના સર્વે સંયુકત સચિવશ્રી / નાયબ સચિવશ્રી
- વિભાગ હસ્તકના સર્વે ખાતાના વડા
- વિભાગ હસ્તકના સર્વે બોર્ડ / નિગમના મેનેજીંગ ડીરેકટરશ્રી / સચિવશ્રી
- વિભાગની અ, અ.૧, ગ, જ શાખા.
- સિલેકટ ફાઇલ (અ-શાખા)